ગુજરાત રાજ્ય વિધાનસભાના માન.અધ્યક્ષશ્રી, માન.મંત્રીશ્રીઓ, ઉપાધ્યક્ષશ્રી, માન.વિરોધપક્ષના નેતાશ્રી, સંસદીય સચિવશ્રીઓ, મુખ્ય દંડક, નાયબ મુખ્ય દંડક ,દંડક,માન.વર્તમાન ધારાસભ્યશ્રીઓ, માન.પૂર્વ ધારાસભ્યશ્રીઓ તથા આ તમામના આશ્રિત કુટુંબીજનોને તબીબી સારવારના લાભો આપવા બાબત.

**ગુજરાત સરકાર**
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
ઠરાવ ક્ર:પરચ/૧૦૨૦૧૬/૪૯૦૬૦૮/અ-૧
સચિવાલય,ગાંધીનગર
તા. ૦૨/૦૨/૨૦૧૯

**વંચાણે લીધા:-**

(૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા. ૨૪/૦૮/૨૦૧૫ ના ઠરાવ ક્ર. એમએજી/ ૧૦૨૦૦૩ /૨૭૧૨ / અ (પાર્ટફાઇલ)

(૨) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૩૦/૧૨/૨૦૧૬ ના ઠરાવ ક્ર.એમએજી/ ૧૦૨૦૧૬ /૨૦૨૮૮૭ /અ-૧

## આમુખ

ગુજરાત રાજ્ય વિધાનસભાના માન.અધ્યક્ષશ્રી, માન.મંત્રીશ્રીઓ, ઉપાધ્યક્ષશ્રી, માન.વિરોધપક્ષના નેતાશ્રી, સંસદીય સચિવશ્રીઓ, મુખ્ય દંડક, નાયબ મુખ્ય દંડક, દંડક, માન.વર્તમાન ધારાસભ્યશ્રીઓ, પૂર્વ ધારાસભ્યશ્રીઓ તથા તેમનાં આશ્રિત કુટુંબીજનો દ્વારા લેવામાં આવતી તબીબી સારવાર અંગે થયેલ ખર્ચની રકમ વિભાગનાં તા.૩૦-૧૨-૨૦૧૬ ના ઠરાવ ક્ર.એમએજી/ ૧૦૨૦૧૬ /૨૦૨૮૮૭/અ-૧ ની જોગવાઇ અનુસાર હાલ રીએમ્બર્સ કરવામાં આવે છે. આ અંગે માન.વર્તમાન ધારાસભ્યશ્રીઓ તથા માન.પૂ.ધારાસભ્યશ્રીઓ તરફથી મળેલ રજુઆતો અન્વયે તેઓને તબીબી સારવારના લાભો આપવા બાબતે અલગ નીતિ નક્કી કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબ આથી ઠરાવવામાં આવે છે.

## ઠરાવ:-

**(૧) રાજ્યની તમામ સરકારી/સરકાર સંલગ્ન/મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત/સરકારી અનુદાન મેળવતી/ G.M.E.R.S.ની, સરકારી તથા ખાનગી મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલો અને ભવિષ્યમાં બનનાર તથા માન્યતા મેળવનાર બધી જ મેડીકલ કોલેજો અંતર્ગત જોડાણ ધરાવતી મેડીકલ કોલેજની હોસ્પિટલોમાં લીધેલ તબીબી સારવારનું રીએમ્બર્સમેન્ટ:-**

i) ગુજરાત રાજ્ય વિધાનસભાના માન.અધ્યક્ષશ્રી, માન.મંત્રીશ્રીઓ, ઉપાધ્યક્ષશ્રી, માન.વિરોધપક્ષના નેતાશ્રી, સંસદીય સચિવશ્રીઓ, મુખ્ય દંડક, નાયબ મુખ્ય દંડક, દંડક, માન.વર્તમાન ધારાસભ્યશ્રીઓ, પૂર્વ ધારાસભ્યશ્રીઓ તથા તેમનાં આશ્રિત કુટુંબીજનો દ્વારા રાજ્યની તમામ સરકારી/સરકાર સંલગ્ન હોસ્પિટલ

તથા ઉપર દર્શાવેલ હોસ્પિટલોમાં લેવામાં આવેલ સારવાર અંગેનો ખર્ચ મંજૂર કરવા માટે, તેઓ દ્વારા, સંપૂર્ણ જરૂરી આધારો સાથે કલેઈમ રજૂ કરવામાં આવે ત્યારે સારવાર અંગે થયેલ ખર્ચ નીચે દર્શાવેલ કાર્યપદ્ધતિ અનુસાર રીએમ્બર્સ કરવાનું રહેશે:-

ii) રાજયની તમામ સરકારી અને સરકાર સંલગ્ન યુ.એન.મહેતા ઈન્સ્ટીટયુટ ઓફ કાર્ડિયોલોજી, અમદાવાદ, ધી ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટયુટ, અમદાવાદ અને ઈન્સ્ટીટયુટ ઓફ કીડની ડીસીઝ એન્ડ રીસર્ચ, અમદાવાદ તથા મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત હોસ્પિટલો તથા સરકારી અનુદાન મેળવતી તમામ હોસ્પિટલો અને સરકારી, G.M.E.R.S.ની તથા ખાનગી મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલો (રાજયની અત્યારની અને ભવિષ્યમાં બનનાર-માન્યતા મેળવનાર બધી જ મેડીકલ કોલેજ અંતર્ગત જોડાણ ધરાવતી મેડીકલ કોલેજની હોસ્પિટલો) માં બહારના તથા અંદરના દર્દી તરીકે ગુજરાત રાજય વિધાનસભાના માન.અધ્યક્ષશ્રી, માન.મંત્રીશ્રીઓ, ઉપાધ્યક્ષશ્રી, માન.વિરોધપક્ષના નેતાશ્રી, સંસદીય સચિવશ્રીઓ, મુખ્ય દંડક, નાયબ મુખ્ય દંડક, દંડક, માન.વર્તમાન ધારાસભ્યશ્રીઓ, પૂર્વ ધારાસભ્યશ્રીઓ તથા તેમનાં આશ્રિત કુટુંબીજનો દ્વારા લીધેલ તબીબી સારવારનો ખર્ચ તેઓને સંપૂર્ણપણે મળવાપાત્ર રહેશે.

iii) બિલો રજૂ કરવાની કાર્ય-પદ્ધતિઃ

સારવાર અંગેના ખર્ચનું બિલ(Claim) મંજુરી માટે રજૂ કરતા પહેલા, બિલ ઉપર જે, તે સંબંધિત ખાનગી કે સરકારી હોસ્પિટલના અધિકૃત ડોકટરશ્રીના સહી સિકકા કરાવ્યા બાદ, તેઓએ, તેમના જિલ્લાના ચીફ ડીસ્ટ્રીકટ મેડીકલ ઓફીસર/તબીબી અધિક્ષકશ્રી દ્વારા સારવાર અંગેના ખર્ચની યોગ્યતા ને પ્રમાણિત કરાવી બિલો ચુકવણી અર્થે આ ઠરાવના ફકરા-(૭) માં જણાવ્યાનુસારના સક્ષમ સત્તાધિકારીને રજૂ કરવાના રહેશે.

iv) બિલો (Claim) મંજુર કરવા માટેના સત્તાધિકારીઓઃ

(૧) રૂ.૨.૦૦ લાખ સુધીની મર્યાદામાં મેળવેલ સારવાર અંગેનું બિલ(Claim)સચિવશ્રી, ગુજરાત વિધાનસભા/અ.મુ.સ.શ્રી,સામાન્ય વહીવટ વિભાગ/ સચિવશ્રી,વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગ દ્વારા જરૂરી ચકાસણી, કરી મંજુર કરી, ચુકવણી કરવાની રહેશે.

(૨) રૂ. ૨.૦૦ લાખ કે તેથી વધુ રકમની સારવાર અંગેના ખર્ચની મંજુરી (રીએમ્બર્સમેન્ટ) માટે ઉપર જણાવ્યા મુજબ બિલો રજૂ કરવાની પદ્ધતિ અનુસરવાની રહેશે તથા, ત્યારબાદ, નીચે મુજબના સત્તાધિકારીશ્રીઓની કક્ષાએ મંજુર કરી શકાશેઃ

(અ) રૂ. ૨.૦૦ લાખથી વધુ પરંતુ રૂ.૪.૦૦ લાખ સુધીની સારવારની મંજુરી (રીએમ્બર્સમેન્ટ)માટે સબંધિત વિભાગના સચિવશ્રીએ બિલ (Claim)રજૂ થયા બાદ તેઓ દ્વારા જરૂરી ચકાસણી કરી, તે અંગેની દરખાસ્ત અધિક મુખ્ય સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને રજૂ કરવાની રહેશે. જેઓએ જરૂરી ચકાસણી કરી મંજુરી આપવાની રહેશે. મંજુરી મળ્યા બાદ સબંધિત વિભાગના સચિવશ્રી દ્વારા બિલની ચુકવણી કરવાની રહેશે.

(બ) રૂ. ૪.૦૦ લાખથી વધુ પરંતુ રૂ.૧૦.૦૦ લાખ સુધીની સારવાર અંગેનું બિલ (Claim)મંજૂર કરવા માટે, સબંધિત વિભાગના સચિવશ્રીએ બિલ રજુ થયા બાદ,જરૂરી ચકાસણી કરી, તે અંગેની દરખાસ્ત અધિક મુખ્ય સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને કરવાની રહેશે. આરોગ્ય અને પરિવાર

કલ્યાણ વિભાગે જરૂરી ચકાસણી કરી માન.મંત્રીશ્રી (આરોગ્ય) ની મંજુરી મેળવવાની રહેશે. જે અંગે જરૂરી મંજુરી મળ્યા બાદ, સબંધિત વિભાગના સચિવશ્રીએ બિલનું ચુકવણું કરવાનું રહેશે.

(ક) રૂ. ૧૦.૦૦ લાખ થી વધુ રકમની સારવારના બિલો (Claim)ની રકમ મંજુરી માટે સબંધિત વિભાગના સચિવશ્રીએ બિલ (Claim) રજૂ થયા બાદ, જરૂરી ચકાસણી કરી, તે અંગેની દરખાસ્ત અધિક મુખ્ય સચિવ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને કરવાની રહેશે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા જરૂરી ચકાસણી કરી, માન.મંત્રીશ્રી (આરોગ્ય) મારફતે, માન.મુખ્યમંત્રીશ્રી કક્ષાએ મંજુરી માટે બિલ રજૂ કરવાનું રહેશે. જે અંગે મંજુરી મળ્યા બાદ સબંધિત વિભાગના સચિવશ્રીએ ચુકવણું કરવાનું રહેશે.

## (૨) રાજ્યની ખાનગી હોસ્પિટલોમાં લીધેલ તબીબી સારવારનું રીએમ્બર્સમેન્ટ:-

i) ગુજરાત વિધાનસભાના માન.અધ્યક્ષશ્રી, માન.મંત્રીશ્રીઓ, ઉપાધ્યક્ષશ્રી, માન.વિરોધપક્ષના નેતાશ્રી, સંસદીય સચિવશ્રીઓ, મુખ્ય દંડક, નાયબ મુખ્ય દંડક અને દંડક,માન.વર્તમાન ધારાસભ્યશ્રીઓ કે જેઓ, તેમના હોદ્દા ઉપર ચાલુ છે, તેઓ, તથા તેઓના કુટુંબના સભ્યોએ, ખાનગી હોસ્પિટલોમાં, રોગોની સારવારના હેતુસર, અંદરના તથા બહારના દર્દી તરીકે રૂ.૧૫.૦૦ લાખની મર્યાદામાં લીધેલ સારવાર માટે, જે ખર્ચ થયો હોય, તે ખર્ચ સંપૂર્ણ પણે મળવાપાત્ર રહેશે. આ માટે સારવાર અંગેના ખર્ચનું બિલ (Claim) મંજુરી માટે રજૂ કરતા પહેલા, બિલ ઉપર જે તે સંબંધિત ખાનગી હોસ્પિટલના અધિકૃત ડોકટરશ્રીના સહી સિક્કા કરાવ્યા બાદ, તેમના જિલ્લાના ચીફ ડીસ્ટ્રીકટ મેડીકલ ઓફીસર /તબીબી અધિક્ષકશ્રી દ્વારા સારવાર અંગેના ખર્ચની યોગ્યતાને પ્રમાણિત કરાવી, બિલો ચુકવણી અર્થે સચિવશ્રી, ગુજરાત વિધાનસભા/સામાન્ય વહીવટ વિભાગ / વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગને રજૂ કરવાના રહેશે.

ii) ગુજરાત વિધાનસભાના માન.અધ્યક્ષશ્રી, ઉપાધ્યક્ષશ્રી, માન.વિરોધપક્ષના નેતાશ્રી, માન.વર્તમાન ધારાસભ્યશ્રીઓ, તથા તેઓના કુટુંબના સભ્યોએ રૂા.૧૫.૦૦ લાખ થી વધુ રકમની લીધેલ સારવારનો ખર્ચ, રીએમ્બર્સ કરવા માટે, બિલ ઉપર જે તે સંબંધિત ખાનગી હોસ્પિટલના અધિકૃત ડોકટરશ્રીના સહી સિકકા કરાવ્યા બાદ, તેમના જિલ્લાના ચીફ ડીસ્ટ્રીકટ મેડીકલ ઓફીસર/તબીબી અધિક્ષકશ્રી દ્વારા સારવાર અંગેના ખર્ચની યોગ્યતાને પ્રમાણિત કરાવી, બિલો ચુકવણી અર્થે સચિવશ્રી, ગુજરાત વિધાનસભાને રજૂ કરવાના રહેશે. ગુજરાત વિધાનસભા દ્વારા, પ્રથમ તબક્કે રૂ.૧૫.૦૦ લાખની રકમનું ચુકવણું તાત્કાલિક કરવાનું રહેશે. ત્યારબાદ બાકીની રકમનું ચુકવણું મંજુર કરતા પહેલા, અધિક નિયામકશ્રી (તબીબી સેવાઓ)ના પરામર્શમાં જરૂરી ચકાસણી કરી, અભિપ્રાય સાથેની દરખાસ્ત આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા માન.મંત્રીશ્રી (આરોગ્ય) તથા માન. મુખ્યમંત્રીશ્રીને મંજુરી અર્થે રજુ કરવાની રહેશે. તથા તે અન્વયે મળેલ મંજુરી અનુસાર, ચુકવણા અંગેના આદેશો સચિવશ્રી, ગુજરાત વિધાનસભા કાર્યાલયે કરવાના રહેશે.

iii) ગુજરાત રાજ્યના માન.મંત્રીશ્રીઓ અને સંસદીય સચિવશ્રીઓ તથા તેઓના કુટુંબના સભ્યોએ રૂા.૧૫.૦૦ લાખ થી વધુ રકમની લીધેલ સારવારનો ખર્ચ, રીએમ્બર્સ કરવા માટે, બિલ ઉપર જે તે સંબંધિત ખાનગી હોસ્પિટલના અધિકૃત ડોકટરશ્રીના સહી સિકકા કરાવ્યા બાદ,જે તે માન.મંત્રીશ્રીઓ અને સંસદીય સચિવશ્રીઓએ તેમના જિલ્લાના ચીફ ડીસ્ટ્રીકટ મેડીકલ ઓફીસર/તબીબી અધિક્ષકશ્રી દ્વારા સારવાર અંગેના ખર્ચની યોગ્યતાને પ્રમાણિત કરાવી, બિલો ચુકવણી અર્થે અધિક મુખ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગને રજૂ કરવાના રહેશે. સામાન્ય વહીવટ વિભાગ દ્વારા, પ્રથમ તબક્કે રૂ.૧૫.૦૦ લાખની રકમનું

ચુકવણું તાત્કાલિક કરવાનું રહેશે. ત્યારબાદ બાકીની રકમનું ચુકવણું મંજુર કરતા પહેલા, અધિક નિયામકશ્રી (તબીબી સેવાઓ)ના પરામર્શમાં જરૂરી ચકાસણી કરી, અભિપ્રાય સાથેની દરખાસ્ત આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા માન.મંત્રીશ્રી (આરોગ્ય) તથા માન. મુખ્યમંત્રીશ્રીને મંજુરી અર્થે રજુ કરવાની રહેશે. તથા તે અન્વયે મળેલ મંજુરી અનુસાર, ચુકવણા અંગેના આદેશો સામાન્ય વહીવટ વિભાગે કરવાના રહેશે.

iv) ગુજરાત વિધાનસભાના મુખ્ય દંડક, નાયબ મુખ્ય દંડક, દંડક તથા તેઓના કુટુંબના સભ્યોએ રૂા.૧૫.૦૦ લાખ થી વધુ રકમની લીધેલ સારવારનો ખર્ચ, રીએમ્બર્સ કરવા માટે, બિલ ઉપર જે તે સંબંધિત ખાનગી હોસ્પિટલના અધિકૃત ડોકટરશ્રીના સહી સિકકા કરાવ્યા બાદ,જે તે મુખ્ય દંડક, નાયબ મુખ્ય દંડક અને દંડક એ તેમના જિલ્લાના ચીફ ડીસ્ટ્રીકટ મેડીકલ ઓફીસર/તબીબી અધિક્ષકશ્રી દ્વારા સારવાર અંગેના ખર્ચની યોગ્યતાને પ્રમાણિત કરાવી, બિલો ચુકવણી અર્થે સચિવશ્રી, વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગને રજૂ કરવાના રહેશે. વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગ દ્વારા, પ્રથમ તબક્કે રૂ.૧૫.૦૦ લાખની રકમનું ચુકવણું તાત્કાલિક કરવાનું રહેશે. ત્યારબાદ બાકીની રકમનું ચુકવણું મંજુર કરતા પહેલા, અધિક નિયામકશ્રી (તબીબી સેવાઓ)ના પરામર્શમાં જરૂરી ચકાસણી કરી, અભિપ્રાય સાથેની દરખાસ્ત આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા માન.મંત્રીશ્રી (આરોગ્ય) તથા માન. મુખ્યમંત્રીશ્રીને મંજુરી અર્થે રજુ કરવાની રહેશે. તથા તે અન્વયે મળેલ મંજુરી અનુસાર, ચુકવણા અંગેના આદેશો વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગે કરવાના રહેશે.

v) માન.ભૂતપૂર્વ ધારાસભ્યશ્રીઓ તથા તેઓના કુટુંબના સભ્યોને રોગોની સારવાર માટે, રાજ્યની ખાનગી હોસ્પિટલોમાં અંદરના દર્દી તરીકે લીધેલ તબીબી સારવારનો ખર્ચ "મા યોજના"ના દર/આયુષ્માન ભારત–નેશનલ હેલ્થ પ્રોટેક્શન મિશનના દર/સી.જી.એચ.એસ.ના દર, આ ત્રણેયમાંથી, જે દર વધારે હોય, તેની મર્યાદામાં મંજુર કરવાનો રહેશે.

vi) ઉપર દર્શાવેલ "મા યોજના" /આયુષ્માન ભારત–નેશનલ હેલ્થ પ્રોટેક્શન મિશન/સી.જી.એચ.એસ. યોજના હેઠળ, મળવાપાત્ર રકમ ઉપરાંતનો, કોઇ ખર્ચ થયેલ હોય, તો તે ખાસ કિસ્સામાં માન.મંત્રીશ્રી(આરોગ્ય) દ્વારા મંજુર કરી શકાશે.

**(૩)** રજૂ કરેલ બીલમાં, અમાન્ય જાહેર કરેલ દવાઓની રકમ તથા પોષણ પદાર્થો(Supplementary Food items) ના ખર્ચની રકમ બાદ કરી, બાકીની રકમની ચુકવણી કરવાની રહેશે.

**(૪)** જો કોઇ કિસ્સામાં મેડીકલેઇમ કે અન્ય વિમાની રકમ મળવાપાત્ર હોય, ત્યારે પ્રસ્તુત નિયમો (ઠરાવ) મુજબ મળવાપાત્ર રકમ સામે તે સરભર કરવાની રહેશે. અને ત્યારબાદ, જો કોઇ રકમ મળવાપાત્ર થતી હોય, તો તે ચુકવવાની રહેશે.

**(૫)** સદર ઠરાવ અન્વયે **"કુટુંબ"** ની વ્યાખ્યા ગુજરાત રાજ્ય સેવા(તબીબી સારવાર) નિયમો, ૨૦૧૫ ના નિયમ–૨ હેઠળ (૨.૨) માં દર્શાવ્યા મુજબ ધ્યાને લેવાની રહેશે.

**(૬)** આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૩૦/૧૨/૨૦૧૬ ના ઠરાવ ક્ર.એમએજી/૧૦૨૦૧૬ / ૨૦૨૮૮૭/ અ–૧ ને રદ કરવામાં આવે છે.

**(૭)** આ ઠરાવનો અમલ કરવા બાબતે ગુજરાત રાજ્યના માન.મંત્રીશ્રીઓ તથા સંસદીય સચિવોના કિસ્સામાં સામાન્ય વહીવટ વિભાગ, સરકારના મુખ્ય દંડક, નાયબ મુખ્ય દંડક અને દંડકના કિસ્સામાં વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગ , ગુજરાત વિધાનસભાના માન.વર્તમાન ધારાસભ્યશ્રીઓ, માન.ભૂતપૂર્વ ધારાસભ્યશ્રીઓ માન.અધ્યક્ષ, માન.ઉપાધ્યક્ષ, માન.વિરોધપક્ષના નેતાના કિસ્સામાં ગુજરાત વિધાનસભા સચિવાલયે કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

આ હુકમો વિભાગના સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(આઇ.ડી.ચૌધરી)**
**ઉપસચિવ**
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
ગાંધીનગર

પ્રતિ,

–માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન,ગાંધીનગર(પત્ર દ્વારા)

–માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ–૧, સચિવાલય, ગાંધીનગર

–માન.મંત્રીશ્રી/રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,સ્વર્ણિમ સંકુલ–૧,૨ સચિવાલય, ગાંધીનગર

–સચિવાલયના સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર

–અધિક મુખ્ય સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

–અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

–અધિક મુખ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

–કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ અને સંશોધન, બ્લોક નં.૫, ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર

–પ્રાદેશિક નાયબ નિયામકશ્રીઓ, ગાંધીનગર, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર.

–સર્વે કલેક્ટરશ્રીઓ/સર્વે જિલ્લા વિકાસ અધિકારીઓ/સર્વે જિલ્લા પોલીસ અધિકારીશ્રીઓ / સર્વે રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ

– સર્વે જિલ્લાના બધા અધિક્ષકશ્રીઓ તથા સિવિલ સર્જનો તથા સામુહિક આરોગ્ય કેન્દ્રોના અધિક્ષકશ્રીઓ

–સર્વે જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીઓ

-મુખ્ય જિલ્લા તબીબી અધિકારી સહ સિવિલ સર્જનશ્રીઓ, સિવિલ હોસ્પિટલ, અમદાવાદ, સુરત, વડોદરા, જામનગર, ગાંધીનગર, ભાવનગર

–સચિવાલયના વહીવટી વિભાગ હેઠળના સર્વે ખાતાના વડાઓ

–માહિતી કમિશ્નરશ્રી, ગાંધીનગર

–તબીબી કોલેજના ડીનશ્રીઓ, અમદાવાદ, સુરત, વડોદરા, જામનગર, ગાંધીનગર, રાજકોટ, ભાવનગર તથા ડેન્ટલ કોલેજ–અમદાવાદ

–નાણા સલાહકારશ્રી(આરોગ્ય), સચિવાલય, ગાંધીનગર

–ભાષા નિયામકશ્રી, ગાંધીનગર

–એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ

–હિસાબ અને તિજોરી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

–પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર

–નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર

–સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ

–સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ (પત્ર દ્વારા)

–સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ (પત્ર દ્વારા)

–રજીસ્ટ્રાર, ગુજરાત હાઇકોર્ટ,અમદાવાદ(પત્ર દ્વારા)

–સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય (પત્ર દ્વારા)

–આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળની સર્વે શાખાઓ

–નિવાસી આયુક્તશ્રી, ગુજરાત ભવન, ન્યુ દિલ્હી

–લાયઝન ઓફીસરશ્રી, લયઝન ઓફીસ, ગુજરાત સરકાર, ધનરાજ મહેલ, એપોલો બંદર, મુંબઇ–૪૦૦૦૩૯

–સિસ્ટમ મેનેજરશ્રી, ઠરાવ વિભાગની વેબસાઇટ પર મુકવા માટે.

–સિલેક્ટ ફાઇલ /–શાખા પસંદગી ફાઇલ